# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧ અને ગુજરાત મુલ્કી સેવા, વર્ગ-૧ અને વર્ગ-૨ની જગ્યાઓ પર ભરતી કરવા માટે આયોગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક :- ૯/૨૦૧૪-૧૫ની પ્રિલિમિનરી પરીક્ષામાં સફળ થયેલ ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષા માટે **ON LINE** અરજીપત્રક ડાઉનલોડ કરવા માટે તા.૧૭/૦૫/૨૦૧૬ ના રોજ બપોરના ૦૧:૦૦ કલાક થી ૦૨/૦૬/૨૦૧૬ ના રોજ બપોરના ૦૧:૦૦ કલાક સુધી ઓનલાઇન અરજીપત્રક ભરી જરૂરી પ્રમાણપત્રો સહિત તા.૦૯/૦૬/૨૦૧૬ સુધીમાં આયોગની કચેરીએ રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ.એ.ડી. થી મોકલી આપવા જણાવેલ.

**આયોગના નિર્ણય અનુસાર ઓનલાઇન અરજીપત્રક ડાઉનલોડ કરવામાંથી બાકાત રહેલ ઉમેદવારોએ તા.૦૪/૦૬/૨૦૧૬ ના રોજ સાંજે ૦૫:૦૦ કલાકથી તા. ૧૦/૦૬/૨૦૧૬ ના રોજ બપોરના ૦૧:૦૦ કલાક સુધી ઓનલાઇન અરજીપત્રક ભરી જરૂરી પ્રમાણપત્રો સહિત તા.૧૫/૦૬/૨૦૧૬ કચેરી સમય સુધીમાં આયોગની કચેરીએ રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ.એ.ડી. થી જમા કરાવવાના રહેશે. તા.૧૦/૬/૨૦૧૬ ના રોજ બપોરે ૦૧:૦૦ કલાક બાદ કોઇ પણ સંજોગોમાં ઓનલાઇન અરજીપત્રક ડાઉનલોડ કરી શકાશે નહી, જેની તમામ સંબંધિત ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

**બિન અનામત વર્ગના ઉમેદવારોએ પરીક્ષા ફી તરીકે રૂ.૨૦૦/- + પેનલ્ટી ફી તરીકે રૂ.૫૦૦/- + પોસ્ટલ સર્વિસ ચાર્જીસ અને અનામત વર્ગના ઉમેદવારોએ પેનલ્ટી ફી તરીકે રૂ.૫૦૦/- + પોસ્ટલ સર્વિસ ચાર્જીસ તા.૧૦/૬/૨૦૧૬ સુધીમાં પોસ્ટ ઓફીસ ખાતે જમા કરાવવાના રહેશે.**

વધુમાં, મુખ્ય લેખિત પરીક્ષા માટેના અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબ જરૂરી પ્રમાણપત્રો બીડાણ કરવાની યાદીમાં સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮-૧૧-૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક: એફઓએ-૧૦૮૮-૩૯૪૦-ગ.૨ થી નિયત થયેલ નમૂનામાં “ ના વાંધા પ્રમાણપત્ર ” મોકલવા જણાવેલ હતું. **આયોગના નિર્ણય અનુસાર સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવારોએ “ ના વાંધા પ્રમાણપત્ર ” હાલ ન મોકલતાં રૂબરૂ મુલાકાત સમયે રજુ કરવા જણાવવામાં આવે છે.**

તા.૦૪/૦૬/૨૦૧૬